## બાંદીપોરા એન્કાઉન્ટરમાં ત્રાસવાદીઓના ઓવરગ્રાઉન્ડ કાર્યકરનું મોત

શ્રીનગર, તા. 25 (પીટીઆઈ): શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં થયેલા એન્કાઉન્ટરમાં ત્રાસવાદીઓનો એક ઓવરગ્રાઉન્ડ કાર્યકર માર્યો ગયો હતો જ્યારે સુરક્ષા દળના બે જવાનો ઈજાગ્રસ્ત થયા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે વિસ્તારમાં ત્રાસવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ બાંદીપોરા જિલ્લાના કુલનાર બાઝીપોરામાં ઘેરાબંધી અને શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે છુપાયેલા ત્રાસવાદીઓએ સુરક્ષા દળોના સ્થળો પર ગોળીબાર કર્યા બાદ શોધખોળ અભિયાન શરૂ કરાયું હતું જે એન્કાઉન્ટરમાં ફેરવાઈ ગયું હતું.

ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ત્રાસવાદીઓનો એક સહયોગી અને બે પોલીસકર્મી ઈજાગ્રસ્ત થયા હતા, જેમાં ત્રાસવાદીઓના ઈજાગ્રસ્ત સાથીનું બાદમાં મોત થયું હતું.

## ભારત-પાકિસ્તાન સંબંધોને સુધારવામાં ઈરાને મદદની ઓફર કરી

તેહરાન, તા. 25 (પીટીઆઈ): પહલગામ ત્રાસવાદી હુમલા બાદ ભડકેલા તણાવ વચ્ચે, ઈરાને શુક્રવારે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સુધારવામાં મદદની ઓફર કરી.

વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ કહ્યું કે તેહરાન 'આ મુશ્કેલ સમયમાં વધુ સમજણ બનાવવા માટે ઈસ્લામાબાદ અને નવી દિલ્હીમાં તેના કાર્યાલયોનો ઉપયોગ કરવા તૈયાર છે.' અરાઘચીએ બે દિવસ પહેલા પહેલગામ હુમલાની જોરદાર શબ્દોમાં અને સ્પષ્ટ" ટીકા કરી હતી.

મંગળવારે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં 26 લોકો માર્યા ગયા હતા. 2019માં પુલવામા હુમલા પછી ખીણમાં થયેલા સૌથી ઘાતક હુમલામાં. પ્રતિબંધિત પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના પ્રોક્સી, રેઝિસ્ટન્સ ફ્રન્ટએ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

એક પોસ્ટમાં, અરાઘચીએ ધ્યાન દોર્યું હતું કે કેવી રીતે ભારત અને પાકિસ્તાન ઈરાનના મૈત્રીપૂર્ણ પાડોશી છે, જે સદીઓ જૂના સાંસ્કૃતિક અને સભ્યતા સંબંધોમાં મૂળ ધરાવતા સંબંધોનો આનંદ માણે છે, ઈરાન તે બંનેને આપણી પ્રાથમિકતા માને છે.

## તપાસ ચાલુ રાખી શકાય કામરાની ધરપકડ કરવાની જરૂર નથી: મુંબઈ હાઈકોર્ટ

મુંબઈ, તા. 25 (પીટીઆઈ): શુક્રવારે બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે વિરુદ્ધ કથિત ટિપ્પણી બદલ કુણાલ કામરા સામે પોલીસ તપાસ ચાલુ રાખી શકાય છે પણ હાસ્ય કલાકારની ધરપકડ કરવામાં ન આવે.

જસ્ટિસ સારંગ કોટવાલ અને એસ.એમ. મોડકની બેન્ચે કામરાની અરજી સ્વીકારતા કહ્યું કે વાણીની સ્વતંત્રતા પરના પ્રતિબંધોથી સંબંધિત મોટા અને ગંભીર મુદ્દાઓ પર વિચાર કરવાની જરૂર છે.

કોર્ટે કહ્યું કે તે હાસ્ય કલાકાર સામે નોંધાયેલા કેસની તપાસ પર સંપૂર્ણ સ્ટે આપવા માટે તૈયાર નથી. 'તપાસ ચાલુ રાખી શકાય છે, જો કે, અરજદારની ધરપકડ કરવી જરૂરી નથી', એમ અદાલતે કહ્યું.

અદાલતે કહ્યું કે કામરાનું નિવેદન ચેન્નાઈમાં નોંધી શકાય છે કારણ કે મુંબઈમાં યોજાયેલા શો બાદ તેને જાનથી મારવાની ધમકી અપાઈ છે.





# થાઈલેન્ડમાં એક પોલીસ વિમાન દરિયામાં તૂટી પડ્યું, છનાં મોત

બેંગકોક, તા. 25 (એપી): થાઈલેન્ડના એક લોકપ્રિય બીચ ટાઉન નજીક એક નાનું પોલીસ વિમાન દરિયામાં તૂટી પડ્યું હતું, જેમાં સવાર તમામ છ લોકોનાં મોત થયાં હતાં.

સવારે 8 વાગ્યાની આસપાસ ક્રેશ થતાં પહેલાં વિમાન હુઆ હિન જિલ્લામાં પેરાશૂટ ટ્રેનિંગ માટે પરીક્ષણ ઉડાન ભરી રહ્યું હતું, એમ રોયલ થાઇ પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું.

પ્રચુઆબ કિરી ખાન પ્રાંતના જનસંપર્ક વિભાગે જણાવ્યું હતું કે, વિમાન હુઆ હિન એરપોર્ટ નજીક ક્રેશ થયું હતું.

ફોટામાં વિમાન દરિયામાં કિનારાથી લગભગ 100 મીટર દૂર દેખાય છે. વિમાન બે ભાગમાં તૂટી ગયું હોય તેવું લાગે છે.

વિમાનમાં સવાર તમામ 6 લોકો પોલીસ અધિકારીઓ હતા. તેમણે જણાવ્યું હતું કે, તેમાંથી પાંચનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું અને એક પાઇલટનું બાદમાં હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

અકસ્માતનું કારણ જાણી શકાયું ન હતું. અધિકારીઓ પુરાવાઓ ભેગા કરી રહ્યા છે જેમાં વિમાનના બ્લેક બોક્સમાંથી આંકડા પણ સામેલ છે.




## ભારતના પગલા પછી પાકિસ્તાનીઓ પોતાના પર જ મીમ્સ બનાવી રહ્યા છે

ભારતે સિંધ જળ સંધિ સ્થગિત કરવા સહિતના ભરેલા સંખ્યાબંધ પગલાઓ પછી પાકિસ્તાનમાં સોશ્યલ મીડિયા યુઝરો પોતાના જ દેશની સ્થિતિ પર અને સરકાર પર કટાક્ષ કરતા જાત જાતના મીમ્સ બનાવી રહ્યા છે.

એક યુઝરે ઉર્દુમાં લખ્યું હતું કે આપણે અડધી દુનિયાને દેવુ ચુકવવાનું છે તેથી કોઈ દેશ ભારતને આપણા પર હુમલો કરવા દેશે નહીં, સૂઈ જાઓ બધા શાંતિથી! તો એક યુઝરે બાથરૂમમાં નહાતા એક છોકરાને બતાવીને લખ્યું હતું કે આંખમેં સાબુન ચલા ગયા હૈ, ભારત કો બોલો કી પાની છોડે. એક યુઝરે લખ્યું કે સુરક્ષાના કારણોસર ભારત-પાકિસ્તાનનું યુદ્ધ દુબઈમાં લડાશે. એક યુઝરે લખ્યું કે તમારે લાહોર લેવું છે? લઈ લો, અડધા કલાકમાં (કંટાળીને) પાછુ આપી દેશો!

## પહેલગામના બૈસારનમાં ૧૫૦૦૦ સૈનિકો ખડકાયા: હુમલાખોરોના હજી કોઇ સગડ નહીં

**બે MI-૧૭** હેલિકોપ્ટર પણ શોધખોળ માટે કામે લગાડાયા

**પાંચમાંથી** ત્રણ હુમલાખોરોના સ્કેચ જારી કરાયા, ત્રણેય પાકિસ્તાની છે

### ટુર ઓપરેટરોએ તંત્રને જાણ કર્યા વિના જ બૈસારન પર્યટકો માટે ખોલી નાખ્યું હતું

જ્યાં હુમલો થયો તે બૈસારન મેદાન અમરનાથ યાત્રાના રૂટ પર આવે છે. આ યાત્રા જૂનમાં શરૂ થાય તે પહેલા ત્યાં સુરક્ષા વ્યવસ્થા માટે સૈનિકો મોકલવામાં આવે છે અને તે સત્તાવાર રીતે ખોલવામાં આવે છે. પણ હાલમાં સ્થાનિક ટુર ઓપરેટરોએ સુરક્ષા વ્યવસ્થા ગોઠવાય તે પહેલા જ સ્થાનિક તંત્રને જાણ કર્યા વિના પર્યટકોને ૨૦મી એપ્રિલથી ત્યાં લઇ જવાનું શરૂ કરી દીધું હતું અને તેથી ત્યાં કોઇ સુરક્ષા વ્યવસ્થા ન હતી એમ કેન્દ્ર સરકારે તેના ખુલાસામાં જણાવ્યું છે.

પહેલગામ, તા. ૨૫: દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આવેલા બૈસારન ઘાસના મેદાનમાં ૧૫,૦૦૦થી વધુ સૈનિકો અને ઓછામાં ઓછા બે MI-૧૭ હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે. આતંકવાદી હુમલાના ત્રીજા દિવસે આ તૈનાતી કરવામાં આવી છે.

MI-૧૭ હેલિકોપ્ટરોએ તે વિસ્તારમાં શોધખોળ કરી હતી જ્યાં આતંકવાદીઓએ અગાઉ પ્રવાસીઓ પર લક્ષિત હુમલો કર્યો હતો. આતંકવાદ વિરોધી કામગીરીનો ભાગ રહેલા CPRFના એક અધિકારીના જણાવ્યા અનુસાર, મંગળવારે બપોરથી ગાઢ જંગલવાળા વિસ્તારમાં ચોવીસ કલાક કોમ્બિંગ ચાલુ છે. અધિકારીએ ઉમેર્યું હતું કે CRPF અને સેનાના અનેક એકમો અને જમ્મુ અને કાશ્મીર પોલીસના કર્મચારીઓએ સંયુક્ત રીતે આતંકવાદ વિરોધી કામગીરી માટે શોધખોળ હાથ ધરી છે. સેના અને CRPFની ઘણી બટાલિયનો અહીં તૈનાત કરવામાં આવી છે આ કાર્યવાહીમાં સામેલ સુરક્ષા દળના કર્મચારીઓની સંખ્યા ૧૫,૦૦૦ થી વધુ હોવાનું જણાવતા અધિકારીએ જણાવ્યું હતું. જો કે હજી સુધી હુમલાખોરોનો કોઇ પત્તો મળ્યો નથી. આતંકવાદી હુમલા પછી, કાશ્મીરના ઘણા ભાગોમાંથી સેનાને આ વિસ્તારમાં મોકલવામાં આવી હતી. સુરક્ષા દળોની સ્પેશિયલ એક્શન ટીમો (SAT) અને પેરા કમાન્ડો પણ તૈનાત કરવામાં આવ્યા છે. ત્રાલ અને કુપવાડાથી પણ સેનાને લાવવામાં આવી હતી એમ સુરક્ષા દળના અન્ય એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. ભારતીય વાયુસેના (IAF) ના પ્રવક્તાએ ઓપરેશન માટે MI-17 હેલિકોપ્ટરના ઉપયોગની પુષ્ટિ કરી. અધિકારીઓએ વધુમાં ઉમેર્યું કે હેલિકોપ્ટરનો ઉપયોગ સર્વેક્ષણના હેતુ માટે કરવામાં આવી રહ્યો છે. બીજી બાજુ, પાંચ હુમલાખોરોમાંથી ત્રણના સ્કેચ પણ જારી કરવામાં આવ્યા છે. ત્રણેય પાકિસ્તાની છે એમ જણાવતા અધિકારીઓએ તેમના નામ આસિફ ફૌજી, સુલેમાન શાહ અને અબુ તલહા હોવાનું જણાવ્યું હતું.

## ટટ્ટુ સંચાલકની ધરપકડ કરાઈ, તેણે એક મહિલાને તેના ધર્મ વિશે પૂછ્યું હતું

**મહિલા** પર્યટકનો દાવો: 20 એપ્રિલે પહલગામની મુલાકાત દરમિયાન તેણે શંકાસ્પદો પૈકી બે શખ્સોને જોયા હતા



શ્રીનગર, તા. 25: પહલગામ હુમલા બાદ ગંદેરબલ જિલ્લા પોલીસે શુક્રવારે એક શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કરી અને તેને અટકાયતમાં લીધો હતો, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયા બાદ પોલીસે આ કાર્યવાહી કરી હતી. વીડિયોમાં એક પર્યટક મહિલાએ આરોપ લગાવ્યો કે એક પુરુષે તેના ધર્મ વિશે પૂછપરછ કરી હતી, મહિલાએ તેનો ફોટો પણ દેખાડ્યો હતો.

પોલીસે ઝડપી કાર્યવાહી કરતા શંકાસ્પદ વ્યક્તિની ઓળખ ઐયાઝ અહમદ જુંગલ તરીકે કરી છે, જે ગંદેરબલના ગોહીપોરા રાયઝાનના રહેવાસી નબી જુંગલનો પુત્ર છે. તે સોનમર્ગના થાજવાસ ગ્લેશિયરમાં પર્યટકોને ટટ્ટુની સેવા આપે છે.

શંકાસ્પદ વ્યક્તિની હાલમાં સતત પૂછપરછ ચાલી રહી છે, અને યોગ્ય પ્રક્રિયા મુજબ કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી રહી છે.

પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ શંકાસ્પદ વ્યક્તિનો પહેલગામ આતંકવાદી હુમલા સાથે કોઈ સંબંધ હતો કે નહીં.

ઉત્તર પ્રદેશના જૌનપુરની એકતા તિવારીએ દાવો કર્યો છે કે પહલગામ હુમલા બાદ જેમના સ્કેચ જાહેર કરવામાં આવ્યા હતા તે શંકાસ્પદ ત્રાસવાદીઓ સાથે તેણે વાતચીત કરી હતી. તેણે કહ્યું કે 20 એપ્રિલના રોજ પહલગામની મુલાકાત લેતી વખતે ખચ્ચરની સવારી દરમિયાન તે શંકાસ્પદ શખ્સો પૈકી બે સાથે તેનો સામનો થયો હતો. તેણે એક ફોટો દેખાડ્યો હતો અને દાવો કર્યો હતો કે તેણે તેના ધર્મ વિશે પુછ્યું હતું.

તેણે દાવો કર્યો હતો કે તેના વ્હોટ્સએપ ગ્રુપમાં અન્યોએ પણ સ્કેચમાં દેખાતા શંકાસ્પદોની ઓળખ કરી હતી.

## ચીનાઓ એઆઇની મદદથી ટ્રમ્પ અને વાન્સની ઠેકડી ઉડાવતા મીમ્સ બનાવી રહ્યા છે






અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ચીન પર આકરા ટેરિફ લાદ્યા તે પછી તેમની સામે ચીનમાં વ્યાપક રોષ છે. ચીનના લોકો ટ્રમ્પના અને તેમની સાથે ઉપપ્રમુખ જે.ડી. વાન્સની પણ ઠેકડીઓ ઉડાવતા મીમ્સ બનાવી રહ્યા છે અને આમાં નવું એ છે કે આમાં એઆઇનો વ્યાપકપણે ઉપયોગ થઇ રહ્યો છે.

ટ્રમ્પને ચીની લોકો ચેરમેન ટ્રમ્પ અને વાન્સને આઇલાઇનર મેન તરીકે ગણાવે છે.

ટ્રમ્પ, વાન્સ, માર્ક રૂબીયો અને મસ્ક ચીનના રસ્તાઓ પર લાલ સામ્યવાદી બેનર હેઠળ માઓની લીટલ રેડ બુક લઇને ફરી રહ્યા હોય તેવું એક મીમમાં દર્શાવાયું છે. તો એક મીમમાં ટ્રમ્પ વાન્સને આંખની આસપાસ મસ્કરા લગાવી આપતા હોય તેવું બતાવાયું છે. બીજા પણ અનેક મીમ્સ છે.

## જ્યાં સિમલા કરાર થયો હતો તે હિમાચલ પ્રદેશના રાજભવનના ઐતિહાસિક ટેબલ પરથી પાકિસ્તાની ધ્વજ ગાયબ

**પાકિસ્તાનનો** ધ્વજ ક્યારે ખસેડાયો તેની કોઇ સ્પષ્ટતા નહીં, રાજભવનના સૂત્રોએ આ ધ્વજ હવે અહીં નહીં હોવાનું સમર્થન કર્યું




શિમલા, તા. ૨૫(પીટીઆઇ): સિમલા કરાર પાકિસ્તાને સસ્પેન્ડ કર્યાના એક દિવસ પછી, શુક્રવારે સવારે રાજભવનના તે ઐતિહાસિક ટેબલ પર પાકિસ્તાની ધ્વજની ગેરહાજરી ધ્યાન ખેંચનારી બની રહી હતી જે ટેબલ પર ૧૯૭૨માં આ કરાર પર હસ્તાક્ષર થયા હતા.

મંગળવારે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ક્રૂર આતંકવાદી હુમલામાં ૨૬ પર્યટકોના હત્યાકાંડ બાદ ભારત દ્વારા કરવામાં આવેલી વળતી કાર્યવાહીના જવાબમાં પાકિસ્તાન દ્વારા સિમલા કરારને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. આ કરાર પર તે સમયના વડાપ્રધાન ઈન્દિરા ગાંધી અને પાકિસ્તાનના પ્રમુખ ઝુલ્ફિકાર ભુટ્ટો દ્વારા ૨ અને ૩ જુલાઈ વચ્ચેની રાત્રિએ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જે ચળકતા લાકડાના ટેબલ પર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા તે ટેબલ હિમાચલ પ્રદેશ પાકિસ્તાનનો ધ્વજ ક્યારે હટાવવામાં આવ્યો તે સ્પષ્ટ નથી, રાજભવનના અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે પડોશી દેશનો ધ્વજ ટેબલ પર નથી.

## પહેલગામના હુમલાખોરોને શોધતા ભારતને ટેકો આપીશું: તુલસી ગબ્બાર્ડ

**વડાપ્રધાન** મોદીને વધુ વિશ્વનેતાઓએ ફોન કર્યો

ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા. ૨૫(પીટીઆઇ): અમેરિકાના ડિરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ તુલસી ગબ્બાર્ડે આજે કહ્યું હતું કે અમેરિકા ભારતની સાથે ઉભું છે જ્યારે તે જઘન્ય પહેલગામ હુમલા માટે જવાબદારોને શોધી રહ્યું છે જે હુમલમાં ૨૬ના મોત થયા છે.

વિદેશ વિભાગે પણ કહ્યું કે અમેરિકા ભારતની સાથે ઉભું છે અને પહેલગામ હુમલાના ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવા હાકલ કરે છે. પહલગામમાં 26 હિન્દુઓને નિશાન બનાવીને માર્યા ગયેલા ભયાનક ઈસ્લામિક આતંકવાદી હુમલાના પગલે અમે ભારત સાથે એકતામાં ઉભા છીએ એમ ગબાર્ડે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. મારી પ્રાર્થના અને ઊંડી સહાનુભૂતિ એ લોકો સાથે છે જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે, પીએમ @narendramodi અને ભારતના તમામ લોકો સાથે છે. અમે તમારી સાથે છીએ અને આ ઘૃણાસ્પદ હુમલા માટે જવાબદાર લોકોને શોધી કાઢવામાં તમને ટેકો આપીએ છીએ એમ તેમણે કહ્યું હતું.

દરમ્યાન, બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને પહેલગામમાં થયેલા બર્બર આતંકવાદની નિંદા કરી હતી અને જણાવ્યું હતું કે આ દુઃખની ઘડીમાં યુકે ભારતની સાથે એકતામાં ઉભું છે. ડચ વડા પ્રધાન ડિક સ્કૂફ અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ પણ મોદીને ફોન કરીને આતંકવાદના તમામ સ્વરૂપોનો સામનો કરવા માટે સહિયારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત ફ્રેન્ચ પ્રમુખ, ઈઝરાયેલના વડાપ્રધાન, ઈજિપ્તના પ્રમુખ અને જોર્ડનના રાજાએ પણ મોદીને ફોન કર્યા હતા.

## મોસ્કો નજીક કાર બોમ્બિંગમાં રશિયાના ટોચના જનરલનું મોત



**ઘણી** મંત્રણાઓમાં રશિયાના પ્રતિનિધિ તરીકે જનરલ યારોસ્લાવ મોસ્કાલિકની યુક્રેન દ્વારા હત્યા કરાઇ હોવાની શંકા

મોસ્કો, તા. ૨૫(પીટીઆઇ): શુક્રવારે મોસ્કો નજીક કાર બોમ્બ વિસ્ફોટમાં એક ટોચના રશિયન જનરલનું મોત થયું હતું, એક મીડિયા રિપોર્ટ અનુસાર, વિદેશ મંત્રાલયે તેને આતંકવાદી કૃત્ય ગણાવ્યું છે. સંરક્ષણ મંત્રાલયના જનરલ સ્ટાફના મુખ્ય કામગીરી નિર્દેશાલયના ડેપ્યુટી ડિરેક્ટર, લેફ્ટનન્ટ જનરલ યારોસ્લાવ મોસ્કાલિકનું મૃત્યુ એક ઈમ્પ્રુવાઇઝ્ડ વિસ્ફોટક ઉપકરણ ફાટવાથી થયું હતું, વેસ્ટિ એફએમ રેડિયોએ તપાસ સમિતિને ટાંકીને જણાવ્યું હતું. તપાસ સમિતિના પ્રવક્તા સ્વેત્લાના પીટરન્કોએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળ પર ઉપકરણના ટુકડા મળી આવ્યા હતા અને તેને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. 59 વર્ષીય મોસ્કાલિકે વિવિધ વાટાઘાટોમાં સંરક્ષણ મંત્રાલયનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમની હત્યા શુક્રવારે યુક્રેન વાટાઘાટો પર ક્રેમલિન સાથે અમેરિકી રાજદૂત સ્ટીવ વિટકોફની વાટાઘાટો સાથે જોડાયેલી હતી કે કેમ તેની તાત્કાલિક પુષ્ટિ થઈ નથી.

# પહેલગામ હુમલામાં હાફિઝ સઈદની ભૂમિકા છતી થઈ

નવી દિલ્હી, તા. ૨૫: પહલગામ નજીક બૈસરન ખીણમાં થયેલા આતંકવાદી હુમલામાં 26 લોકોના મોત થયા પછી જમ્મુ અને કાશ્મીરમાં લાંબા સમયથી સક્રિય એક આતંકવાદી જૂથ ચર્ચામાં આવ્યું છે.

આ હુમલો પ્રતિબંધિત લશ્કર-એ-તૈયબા (LeT) આતંકવાદી સંગઠન સાથે જોડાયેલા એક જૂથ દ્વારા કરવામાં આવ્યો હતો, જેમાં મોટાભાગે વિદેશી આતંકવાદીઓનો સમાવેશ થાય છે, જેને સ્થાનિક આતંકવાદીઓ, ખીણના ઓવરગ્રાઉન્ડ વર્કર્સ અને 26/11 હુમલાના માસ્ટરમાઈન્ડ અને લશ્કરના વડા હાફિઝ સઈદનો ટેકો મળ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ચોક્કસ મોડ્યુલ લાંબા સમયથી કાશ્મીર ખીણમાં સક્રિય છે. સુરક્ષા એજન્સીઓ માને છે કે તે સોનમર્ગ, બુટા પાથરી અને ગાંદરબલ સહિત સમગ્ર પ્રદેશમાં અનેક હાઈ-પ્રોફાઈલ હુમલાઓ પાછળ છે. પહેલગામ હત્યાકાંડના મુખ્ય આરોપીઓમાંના એક હાશિમ મુસાને આ હુમલામાં શંકાસ્પદ માનવામાં આવે છે. આ મોડ્યુલ પર લશ્કરના વડા હાફિઝ સઈદ અને તેના ડેપ્યુટી સૈફુલ્લાહનું સીધું નિયંત્રણ હોવાનું કહેવાય છે, બંને પાકિસ્તાનથી કાર્યરત હોવાનું માનવામાં આવે છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓનું કહેવું છે કે આ મોડ્યુલને પાકિસ્તાનની સેના અને તેની ગુપ્તચર એજન્સી, ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) તરફથી માત્ર વૈચારિક જ નહીં, પણ લોજિસ્ટિકલ અને વ્યૂહાત્મક માર્ગદર્શન પણ મળે છે.આ જૂથમાં મોટાભાગના વિદેશી લડવૈયાઓનો સમાવેશ થાય છે, પરંતુ કાશ્મીરના ઘણા સ્થાનિક અને ઓવરગ્રાઉન્ડ કાર્યકરો તેમાં સામેલ છે, જે ટેકો અને કવર પૂરું પાડે છે.

## પાકિસ્તાનથી ઢાકા સુધી હમાસની મદદથી આઇએસઆઇએ ગુંથેલું આતંકવાદનું જાળુ

**પાકિસ્તાને** હમાસના નેતાઓને ફેબ્રુઆરીમાં આમંત્રણ આપ્યું હતું, તેમને ઢાકા પણ લઇ ગયું હતું

નવી દિલ્હી, તા. ૨૫: એક મીડિયા જૂથ દ્વારા જારી કરાયેલ અહેવાલ મુજબ પહેલગામમાં થયેલો હુમલો ગયા વર્ષે ઇઝરાયલમાં કરવામાં આવેલા હમાસ-શૈલીના હુમલા જેવો જ હતો, જે સરકાર ભારત અને વિશ્વના સૌથી ખરાબ ભય તરીકે ઓળખે છે તેની પુષ્ટિ કરે છે - કે એક સંકલિત ઇકોસિસ્ટમ અને પેટર્ન કામ કરી રહી છે, જે ફક્ત ભારતને જ નહીં, પરંતુ અન્ય ઘણા દેશોને પણ અસ્થિર કરવા માગે છે.

સરકારી સૂત્રોએ વધુમાં પુષ્ટિ આપી હતી કે 5 ફેબ્રુઆરીના રોજ, ઇઝરાયલ દ્વારા મુક્ત કરાયેલા હમાસ નેતાઓ પાકિસ્તાન સરકારના આમંત્રણ પર પાકિસ્તાન ગયા હતા. તેમને લશ્કર-એ-તોયબા અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ સાથે મળવા માટે પીઓકે લઈ જવામાં આવ્યા હતા.

તેમની મુલાકાત દરમિયાન, રાવલકોટમાં એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં હમાસ નેતાઓને ઘોડા પર સવારી કરાવીને શેરીઓમાં મુક્તિદાતા તરીકે આવકારવામાં આવ્યા હતા. કાશ્મીર સોલિડેરિટી અને હમાસ ઓપરેશન અલ અક્સા ફલડના બેનર હેઠળ આ રેલીનું આયોજન એ દર્શાવવા માટે કરવામાં આવ્યું હતું કે કાશ્મીર અને પેલેસ્ટાઇન બંને એકીકૃત પેન-ઇસ્લામિક જેહાદનો ભાગ છે. ગયા વર્ષે 7 ઓક્ટોબરના રોજ મળેલા અન્ય એક ગુપ્તચર ઇનપુટમાં ખુલાસો થયો હતો કે ISI ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રેરણા આપવાના હેતુથી સમાન કટ્ટરપંથી વિચારધારાનું બીજ રોપવાના પ્રયાસમાં હમાસના નેતાઓને પણ ઢાકા લઈ ગયું હતું.

torrent POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૮/૦૪/૨૦૨૫, સોમવાર : ઈશ્વર પેલેસ (વરાછા), કિશન કોમ્પલેક્ષ (વરાછા), વિઠ્ઠલ નગર (ડુમસવાલા)
- ૨૯/૦૪/૨૦૨૫, મંગળવાર : ઓજસ, તાપી બાગ (એલએચ રોડ), હોટેલ એલ-મેગ્નીફીકો, હોટેલ હોસ્પીસ (વરાછા), નારાયણનગર નં.૨ (કતારગામ), સહયોગ ઈન્ડ.નં.૧ (વેડ રોડ)
- ૩૦/૦૪/૨૦૨૫, બુધવાર : સિધ્ધિ વિનાયક નં.૨ (વેડ રોડ), ગોપીન બંગ્લોઝ (વેડ રોડ), પંડોલ ઈન્ડ. નં.૧ (વેડ રોડ), મહાલક્ષ્મી પ્લાઝા (અલથાણ રોડ)
- ૦૧/૦૫/૨૦૨૫, ગુરૂવાર : સિલ્વર પ્લાઝા નં.૨ (રીગ રોડ), સુમતિનાથ એન્ટરપ્રાઇઝ, જાપાન માર્કેટ (રીંગ રોડ), જાપાન ટેક્ષટાઈલ માર્કેટ નં.૨, પ્રિયા પાર્ક (વેડ રોડ)
- ૦૨/૦૫/૨૦૨૫, શુક્રવાર : સાંઇ આશિષ (ડુંભાલ), કૈલાશ નગર (પીકે રોડ), ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટ નં.૬ (પીકે રોડ),
- ૦૪/૦૫/૨૦૨૫, રવિવાર : ઉમિયા નગર (યુએમ રોડ)

**અસુવિધા બદલ દિલગીર છીએ**

**અમારી WhatsApp સેવા, આપને વધુ સુવિધા**
**8141970070 પર 'Hi' લખી મોકલાવો**
**પાવર, બીલ, અન્ય જાણકારી તથા ચૂકવણી કરો**

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect